## આંક–૧ લગત હુકમ

આ કામે અરજદારે દિન–૮ ના વિલંબ માફ કરવા માટેની અરજી ગુજારેલી છે અને તે અરજી જે તે સમયે તા.૧૧/૭/૧૩ ના રોજ પ્રાથમિક સુનાવણી માટે રાખવામા આવેલ છે તેવું અરજીની નીચે હુકમને ધ્યાને લેતા જણાય છે. ત્યારબાદ અરજી વંચાણે લેતા તેમાં તા.૫/૨/૨૦૧૪ ના રોજ વિ.વકીલશ્રીને સાંભળીને ન્યાયના હિતમાં ડીલે કોન્ડન કરવા હુકમ કરવામા આવે છે તે રીતનો હુકમ કરવામા આવેલ છે અને પક્ષકારોને નોટીસ કાઢવાનો હુકમ કરવામા આવેલ છે. આવા સંજોગોમાં આ અરજીમાં જે દાદ માંગવામા આવેલ છે તે તા.૫/૨/૨૦૧૪ ના રોજ મંજુર થઈ ગયેલ છે તેવા સંજોગોમાં સ્પેશીયલ દિવાની મુકદમા નં.૬૬/૨૦૧૨ ના કામે આંક–૫ લગતના હુકમને પડકારવામા આવેલ છે તેથી તે પરચુરણ દિવાની અપીલ રજીસ્ટરે લેવી જોઈતી હતી, પરંતુ ગમે તે કારણોસર ગાંધીધામ કોર્ટમાં દિવાની પરચુરણ અરજી નં.૭/૨૦૧૪ થી રજીસ્ટરે લેવામા આવેલ છે અને ત્યારબાદ તે અરજી અંજાર ટ્રાન્સફર થતા અંજારમાં તેની દિવાની પરચુરણ અરજી નં.૪૫/૨૦૧૫ તા.૫/૧૦/૧૫ ના રોજ રજીસ્ટરે લેવામા આવેલ છે અને આ અરજી અંજારથી ભચાઉ ટ્રાન્સફર થતા ભચાઉ ખાતે દિવાની પરચુરણ અરજી નં.૩/૨૦૨૦ થી તા.૨૯/૨/૨૦૨૦ ના રોજ રજીસ્ટરે લેવામા આવેલ છે અને ત્યારબાદ નોટીસની બજવણી થતા આ બાબત ધ્યાન ઉપર આવેલ છે તેવા સંજોગોમાં તા.૫/૨/૨૦૧૪ ના રોજ વિલંબ દરગુજર થઈ ગયેલ છે તેથી રજીસ્ટ્રારે પરચુરણ અપીલ રજીસ્ટરે લેવી તેવો હુકમ કરવામા આવે છે અને વિશેષ કોઈ વધારાનો હુકમ આ કામે કરવામા આવતો નથી અને તે રીતે આ અરજી ફેંસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૬ ઠી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૧ ના દિવસે વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૦૬/૦૮/૨૦૨૧ (એમ.એફ.ખત્રી)

સ્થળ : ભચાઉ–કચ્છ ૯ માં એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ,

ભચાઉ–જી.કચ્છ

જીજે૦૦૬૯૧